# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-03-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બહેરિન અને સાઉદી અરેબિયાના વડાઓ સાથે વાતચિત કરીને બંને દેશો ઉપર થયેલા હુમલાઓની ટિકા કરી
2. ઇરાન, અમેરિકા અને ઇઝરાયેલ દ્વારા નવેસરથી હુમલાઓ થતાં પશ્ચિમ એશિયામાં સ્થિતી વિકટ બની
3. ભારત અને કેનેડાએ આજે વિવિધ ક્ષેત્રોમાં ત્રણ કરારો કર્યા
4. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દિલ્હી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો આરંભ કરાવ્યો
5. પશ્ચિમ એશિયાની વણસતી સ્થિતીને કારણે ભારતીય શેરબજારમાં કડાકો, સોના-ચાંદીના ભાવો વધ્યા ... જ્યારે ક્રુડ ઓઇલના ભાવમાં ઉછાળો

.........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM SAUDI BAHRAIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી મોહમ્મદ બિન સલમાન સાથે ટેલિફોનિક વાતચીત દરમિયાન પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિ અંગે ચર્ચા કરી. શ્રી મોદીએ સાઉદી અરેબિયા પર થયેલા તાજેતરના હુમલાઓની નિંદા કરી, તેમને તેની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન ગણાવ્યું. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે બંને પક્ષો સંમત થયા છે કે પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાની વહેલી તકે પુનઃસ્થાપના અત્યંત મહત્વપૂર્ણ છે. પ્રધાનમંત્રીએ આ મુશ્કેલ સમયમાં ભારતીય સમુદાયની સુખાકારીનું ધ્યાન રાખવા બદલ શ્રી સલમાનનો આભાર પણ માન્યો.

શ્રી મોદીએ બહેરીનના રાજા હમાદ બિન ઇસા અલ ખલીફા સાથે પણ ટેલિફોનિક વાતચીત કરી. બહેરીન પરના હુમલાઓની નિંદા કરતા શ્રી મોદીએ કહ્યું કે ભારત આ મુશ્કેલ સમયમાં તેના લોકો સાથે એકતામાં ઉભું છે. તેમણે દેશમાં ભારતીય સમુદાયને આપવામાં આવેલા સમર્થન બદલ બહેરીનના રાજાનો આભાર માન્યો.

# WEST ASIA CONFLICT

ઈરાન અને ઈઝરાયલ અને અમેરિકાના સંયુક્ત દળોએ  નવેસરથી મિસાઈલ અને ડ્રોન હુમલાઓ કરતાં પશ્ચિમ એશિયામાં સ્થિતી વધુ ગંભીર બની છે. બીજી તરફ ઈરાન અને ઈરાની સમર્થિત લશ્કરી દળો યુએઈ, કુવૈત અને બહેરીન સહિત ખાડી ક્ષેત્રમાં અમેરિકાની સંપત્તિ પર હુમલા કર્યા છે. જ્યારે  ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાનમાં લક્ષ્યો પર હુમલો કર્યો છે. બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીએ કહ્યું છે કે, તેઓ ઈરાનના હુમલાઓનો સામનો કરવા માટે અમેરિકા સાથે કામ કરવા તૈયાર છે, અને ખાડી દેશોના એક જૂથે કહ્યું છે કે તેઓ ઈરાની હુમલાનો જવાબ આપવાનો અધિકાર રાખે છે. દરમિયાન, કુવૈત સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે, ઘણા અમેરિકન યુદ્ધ વિમાનો ક્રેશ થયા હતા પરંતુ તેમના ક્રૂ બચી ગયા હતા.

# INDIAN ADVISARY

કેન્દ્રએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતમાં સંભવિત હિંસા સામે રાજ્યોને ચેતવણી પત્ર જારી કર્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને ભડકાઉ ઉપદેશ આપતા ઈરાન તરફી કટ્ટરપંથી ઉપદેશકોની ઓળખ કરવા જણાવ્યું છે.

# PURI-OIL REVIEW

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ આજે જણાવ્યું હતું કે સરકાર પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી પુરીએ જણાવ્યું હતું કે દેશમાં મુખ્ય પેટ્રોલિયમ ઉત્પાદનોની ઉપલબ્ધતા અને પોષણક્ષમતા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવશે. મંત્રીએ વધુમાં માહિતી આપી હતી કે તેમણે મંત્રાલય અને જાહેર ક્ષેત્રના ઉપક્રમોના વરિષ્ઠ અધિકારીઓ સાથે ક્રૂડ ઓઇલ, એલપીજી અને અન્ય પેટ્રોલિયમ ઉત્પાદનોની પુરવઠાની સ્થિતિની સમીક્ષા કરી હતી.

# INDIA CANADA-1

ભારત અને કેનેડાએ આજે મહત્વપૂર્ણ ખનિજ સહયોગ, નવીનીકરણીય ઉર્જાના ઉપયોગને પ્રોત્સાહન અને સાંસ્કૃતિક સહયોગ સહિત વિવિધ ક્ષેત્રોમાં ત્રણ કરારોનું આદાનપ્રદાન કર્યું. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્ની વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ આ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. બંને નેતાઓએ ભારત-કેનેડા વ્યૂહાત્મક ભાગીદારીના વિવિધ ક્ષેત્રોમાં અત્યાર સુધી થયેલી પ્રગતિની સમીક્ષા કરી. વાટાઘાટો પછી સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ ખૂબ જ ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું કે, ભારત સંવાદ અને રાજદ્વારી દ્વારા તમામ વિવાદોના ઉકેલને સમર્થન આપે છે.

**(બાઇટ- PM-ON WEST ASIA CONFLICT-21 SECS)**

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારત અને કેનેડાએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને 50 અબજ ડોલર સુધી વધારવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે. તેમણે ઉમેર્યું કે બંને પક્ષોએ આજે ભારત-કેનેડા સંરક્ષણ સંવાદ સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે.

**(બાઇટ- પીએમ મોદી , ડિફેન્સ ડાયલોગ)**

# INDIA CANADA-2

કેનેડાના  પ્રધાનમંત્રી કાર્નીએ કહ્યું કે, કેનેડા ભારત સાથે તેના સંબંધોને નવીકરણ કરી રહ્યું છે અને તેના સંબંધોનો વિસ્તાર કરી રહ્યું છે. તેમણે કહ્યું કે, કેનેડા અને ભારત વેપાર, સંરક્ષણ અને ઊર્જામાં મજબૂત પાયો બનાવી રહ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM CANDA FORUM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે  જણાવ્યું હતું કે, ભારત અને કેનેડા ટૂંક સમયમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરારને અંતિમ સ્વરૂપ આપશે અને બંને દેશો દ્વિપક્ષીય વેપારને 50 અબજ અમેરિકી ડોલર સુધી લઈ જવા તરફ આગળ વધી રહ્યા છે.

ભારત-કેનેડા સીઈઓ ફોરમને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, ભારત અને કેનેડા જીવંત લોકશાહી છે, વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ અને સહિયારા મૂલ્યો પર આધારિત સમાજ છે. લોકશાહી, વિવિધતા અને વિકાસ આપણને કુદરતી ભાગીદારો તરીકે આગળ વધવા માટે પ્રેરણા આપે છે. તેમણે ઉમેર્યું કે  આજે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે. આ પરિવર્તન મજબૂત સ્થાનિક માંગ, યુવા વસ્તી, મોટા પાયે રોકાણ અને ડિજિટલ ટેકનોલોજીની શક્તિ દ્વારા પ્રેરિત છે. આ આપણા સતત આગળ વધતા "રિફોર્મ એક્સપ્રેસ" નું પરિણામ છે. નીતિ સરળીકરણ, ઉત્પાદન-આધારિત પ્રોત્સાહનો (પીએલઆઈ), લોજિસ્ટિક્સ આધુનિકીકરણ અને કર અને નાદારી સુધારાઓ દ્વારા દરેક ક્ષેત્રમાં વ્યવસાય કરવાની સરળતાને મજબૂત બનાવવામાં આવી રહી છે.

# MURMU DELHI SCHEME LAUNCH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે દિલ્હી સરકારની લખપતિ બિટિયા યોજના, હોળી અને દિવાળી માટે મફત ગેસ સિલિન્ડર, સહેલી પિંક સ્માર્ટ કાર્ડ અને 40 હજાર 642 દીકરીઓના ખાતામાં 100 કરોડ રૂપિયાના ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી)નો શુભારંભ કરાવ્યો.અહીં ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે આયોજિત કાર્યક્રમને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે," આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં ખભા મિલાવીને આગળ વધી રહી છે. સૈનિકો તરીકે, તેઓ દેશની સરહદોનું રક્ષણ કરી રહ્યા છે. વૈજ્ઞાનિકો તરીકે, તેઓ પ્રયોગશાળાઓમાં સંશોધન કરી રહ્યા છે. રમતગમત સ્પર્ધાઓમાં, તેઓ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર ભારતીય ધ્વજ લહેરાવી રહ્યા છે. મહિલાઓ રાજકારણ, સમાજ સેવા, વહીવટ અને વ્યવસાય- બધા ક્ષેત્રોમાં નવી ઊંચાઈઓ પર પહોંચી રહી છે.

# PREZ – IAS – MEET

રાજ્ય સિવિલ સર્વિસીસ અને લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય વહીવટી એકેડેમીના અધિકારીઓ  નવી દિલ્હીના ખાતે રાષ્ટ્રપતિને મળ્યા.

આ તકે સુ શ્રી મુર્મુએ જણાવ્યું કે ભારતીય વહીવટી સેવાના અધિકારીઓ રાષ્ટ્રનિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તેમણે કહ્યું કે, હવે તેમની પાસે તેમની પ્રાથમિકતાઓ કરતાં વધુ વ્યાપક જવાબદારીઓ છે. તેમણે ભાર મૂક્યો કે આ વ્યાપક જવાબદારીઓ માટે એક વ્યાપક રાષ્ટ્રીય દ્રષ્ટિકોણની જરૂર છે જે વહીવટી વિકેન્દ્રીકરણને દૂર કરે છે અને સહયોગને પ્રોત્સાહન આપે છે.

# AMIT SHAH-PARIBARTAN YATRA

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહે આજે દક્ષિણ 24 પરગણાના રાયદીઘીથી ભારતીય જનતા પાર્ટીની "પરિવર્તન યાત્રા" શરૂ કરી, અને ભારપૂર્વક જણાવ્યું કે પશ્ચિમ બંગાળના લોકો હવે પરિવર્તન ઇચ્છી રહ્યા છે. શ્રી શાહે કહ્યું કે, રાજ્યના લોકો શાસક ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના કુશાસનથી ત્રસ્ત છે. પોતાના સંબોધનમાં, શ્રી શાહે મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તૃણમૂલ કોંગ્રેસના નેતૃત્વ પર આકરા પ્રહારો કર્યા. વંશવાદના રાજકારણનો વ્યાપ હોવાનો આરોપ લગાવતા, તેમણે દાવો કર્યો કે પશ્ચિમ બંગાળમાં અભિષેક બેનર્જીને આગામી મુખ્યમંત્રી તરીકે પ્રમોટ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે વર્તમાન શાસનમાં ભ્રષ્ટાચાર વ્યાપક છે.

## DETAILED STOCKS

પશ્ચિમ એશિયામાં તણાવ વધતાં, બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો, સેન્સેક્સ અને નિફ્ટીએ આજે લગભગ 1.3 ટકાનો ઘટાડો નોંધાવ્યો. બંધ થતાં સુધીમાં, સેન્સેક્સ એક હજાર અને 48 પોઇન્ટ ઘટીને 80 હજાર 239 પર બંધ થયો, જ્યારે નિફ્ટી 313 પોઇન્ટ ઘટીને 24 હજાર 866 પર બંધ થયો.

# GOLD-SILVER-STOCK-RUPEES

ભારતીય બુલિયન બજારમાં, છેલ્લા અહેવાલ મળ્યા ત્યારે 24 કેરેટ સોનું 4.3 ટકા વધીને 1 લાખ 69 હજાર 470 રૂપિયા પ્રતિ 10 ગ્રામ અને ચાંદી પાંચ ટકા વધીને 2 લાખ 96 હજાર 290 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઈ રહી હતી.

આ સાથે જ બ્રેન્ટ ક્રૂડ ઓઇલમાં 9 ટકાનો વધારો નોંધાયો હતો.

તો ફોરેક્સ માર્કેટમાં આજે રૂપિયો 50 પૈસા ઘટીને અમેરિકન ડોલર સામે 91 રૂપિયા અને 47 પૈસા પર બંધ થયો હતો.

# JITENDRA- US DELEGATION

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રીડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું છે કે ભારત અને અમેરિકાએ અદ્યતન બાયોમેન્યુફેક્ચરિંગમાં ભારત-ડેલવેર ભાગીદારી તરફ આગળ વધવું જોઈએ. આજે નવી દિલ્હીમાંડેલવેરના ગવર્નર મેટ મેયરના નેતૃત્વ હેઠળના યુએસ પ્રતિનિધિમંડળ સાથેની બેઠકમાં ડૉ.સિંહે સંશોધન,ઉત્પાદન અને સ્ટાર્ટ-અપઇકોસિસ્ટમમાં નક્કર સહયોગમાં ચર્ચાઓને પરિવર્તિત કરવા માટે એક નાના કાર્યકારીજૂથની રચનાનો પ્રસ્તાવ મૂક્યો.

# NEPAL-FAGU HOLI

આજે પર્વતીય અને પહાડી જિલ્લાઓમાં ફાગુ હોળીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. નેપાળી કેલેન્ડર મુજબ ફાગુન મહિનાની પૂર્ણિમાના દિવસે, લોકોહોલિકા દહનની વિધિ કરે છે. પરંપરાગત રીતે વસંતના આગમનની ઉજવણી કરતી વખતે, લોકો એકબીજા પર રંગો લગાવે છે અને પરંપરાગત સંગીતના તાલે ઝૂમી ઊઠે છે.

નેપાળમાં ફાગુ હોળી નિમિત્તે જાહેર રજા છે. કાઠમંડુ ખીણમાં હોલિકા દહન માટે, લોકો બસંતપુર , પાટણ , ભક્તપુર દરબાર સ્ક્વેર પર ધાર્મિક વિધિઓ કરવા માટે ભેગા થાય છે.

નેપાળના રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે કહ્યું છે કે હોળીનો તહેવાર દુષ્ટતા પર સદ્ગુણના વિજયની ઉજવણી કરવા અને સદ્ભાવના વ્યક્ત કરવા માટે આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવે છે.